# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 03-07-2026 EVENING: 7.50 TO 8.00

Day: FRIDAY NATIONAL NEWS

## આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

******************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે રાજસ્થાન અને ગુજરાતની મુલાકાત લેશે.
2) પાકિસ્તાન દ્વારા આતંકવાદને પ્રોત્સાહન આપવાના જવાબમાં સિંધુ જળ સંધિ સ્થગિત રાખવાનો ભારતનો પુનરોચ્ચાર
3) સંરક્ષણ સંપાદન પરિષદે 52 હજાર કરોડ રૂપિયાના મૂડી સંપાદન પ્રસ્તાવોને મંજૂરી આપી
4) ગૂગલ પ્લે સ્ટોર અને એપલ એપ સ્ટોર પરથી બેટ-બીએમએસ, ઇપોક-આઈ-આયન અને લોસીગી એપ્સ દૂર કરવાનો કેન્દ્ર સરકારનો આદેશ.
5) ફિફા વિશ્વ કપમાં, આજે ઓસ્ટ્રેલિયા અને ઇજિપ્ત વચ્ચે મુકાબલો

.........................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM VISIT- RAJASTHAN/GUJARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે રાજસ્થાન અને ગુજરાતની મુલાકાત લેશે. રાજસ્થાનની મુલાકાત દરમિયાન, તેઓ જોધપુર હવાઈમથક પર નવા ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કરશે. 480 કરોડ રૂપિયાનો આ પ્રોજેક્ટ વાર્ષિક 20 લાખ મુસાફરોની અવરજવર માટે તૈયાર કરાયો છે. તેઓ જોધપુરમાં સંશોધિત ઉડાન યોજના પણ શરૂ કરશે. તેઓ બાલોતરામાં લગભગ એક લાખ 6 હજાર કરોડ રૂપિયાના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત અને ઉદ્ઘાટન પણ કરશે. પ્રધાનમંત્રી પચપદરા ખાતે ભારતના પ્રથમ ગ્રીનફિલ્ડ ઇન્ટિગ્રેટેડ રિફાઇનરી-કમ-પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સ દેશને સમર્પિત કરશે. શ્રી મોદી જયપુર મેટ્રો રેલ પ્રોજેક્ટના બીજા તબક્કાનો શિલાન્યાસ પણ કરશે, જેનો કુલ ખર્ચ 13 હજાર કરોડ રૂપિયાથી વધુ છે. પ્રધાનમંત્રી રાજસ્થાન સરકારના વિવિધ વિભાગોમાં ભરતી કરાયેલા લગભગ 54 હજાર યુવાનોને નિમણૂક પત્રો પણ સોંપશે.

સાંજે પ્રધાનમંત્રી ગુજરાત પહોંચશે જ્યાં અમદાવાદના સાણંદમાં તેઓ CG SEMI આઉટસોર્સ્ડ સેમિકંડક્ટર એસેમ્બલી એંડ ટેસ્ટિંગ ફેસિલિટીનું ઉદ્ઘાટન કરશે. આ ઉદ્ઘાટન ભારતની સેમિકન્ડક્ટર ઉત્પાદન યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. તે વૈશ્વિક સેમિકન્ડક્ટર મૂલ્ય શૃંખલામાં ભારતની સ્થિતિને મજબૂત બનાવવા તરફ એક મોટું પગલું છે. આ પ્રોજેક્ટ ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન હેઠળ મંજૂર કરાયેલા પ્રથમ ચાર પ્રોજેક્ટ પૈકીનો એક છે અને તેને કુલ 7 હજાર 500 કરોડ રૂપિયાથી વધુના રોકાણ સાથે વિકસાવવામાં આવ્યો છે.

# MEA-BRIEFING

ભારતે આજે પુનરોચ્ચાર કર્યો હતો કે પાકિસ્તાન દ્વારા સરહદ પારના આતંકવાદને સતત પ્રોત્સાહન આપવાના જવાબમાં સિંધુ જળ સંધિ IWT સ્થગિત રહેશે. આજે સાંજે નવી દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે, સિંધુ જળ સંધિ પર ભારતની સ્થિતિ સુસંગત છે.

(બાઇટ : SI-RANDHIR-IWT)

તિસ્તા નદી વ્યવસ્થાપન અને પુનઃસ્થાપન પ્રોજેક્ટ અંગે શ્રી જયસ્વાલે જણાવ્યું હતું કે, બાંગ્લાદેશમાં પ્રોજેક્ટ્સ માટે ભારતની વિકાસ સહાય પરસ્પર સંમત થયેલા રોડમેપ પર આધારિત છે જેની નિયમિતપણે સમીક્ષા કરવામાં આવે છે.

(બાઇટ : SI-RANDHIR---BANGLADESH)

# CHAOUHAN-TOTAPURI MANGOES

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આંધ્રપ્રદેશમાં તોતાપુરી કેરીના ઉત્પાદકો દ્વારા સામનો કરવામાં આવી રહેલા પડકારોની તપાસ કરવા માટે ભારતીય કૃષિ સંશોધન પરિષદ હેઠળ ઉચ્ચ સ્તરીય નિષ્ણાત સમિતિની રચના કરવાનો નિર્દેશ આપ્યો છે. કેન્દ્રીય મંત્રીની તાજેતરની આંધ્રપ્રદેશની મુલાકાત દરમિયાન ખેડૂતોએ તોતાપુરી કેરીનાં ભાવમાં ઘટાડા અંગે જાણ કરી હતી. શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે સમિતિની ભલામણોના આધારે કેરીના ઉત્પાદકોને ટકાઉ ટેકો પૂરો પાડવા, મૂલ્ય શૃંખલાને મજબૂત બનાવવા અને ક્ષેત્રમાં મૂલ્યવર્ધન, નિકાસ, રોકાણ અને રોજગાર માટે નવી તકો ઊભી કરવા માટે યોગ્ય પગલાં લેવાશે.

# GOYAL-TRADE MEETING

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે આજે જણાવ્યું હતું કે ભારત, એક વર્ષમાં એક ટ્રિલિયન ડોલરના નિકાસ લક્ષ્યાંકો હાંસલ કરવાના માર્ગ પર છે. જેમાં પ્રથમ ક્વાર્ટરમાં વાર્ષિક નિકાસનો લગભગ 15 ટકા હિસ્સો નોંધાઈ ચૂક્યો છે. નવી દિલ્હીમાં વેપાર બોર્ડની બેઠકને સંબોધતા, શ્રી ગોયલે નોંધ્યું હતું કે આ માટે માલસામાનની નિકાસ લગભગ 440 અબજ ડોલરથી વધીને લગભગ 530 અબજ ડોલર અને સેવાઓની નિકાસ લગભગ 421 અબજ ડોલરથી વધીને લગભગ 470 અબજ ડોલર થવાની સંભાવના છે.

શ્રી ગોયલે ભાર મૂક્યો કે સરકાર સ્થાનિક વ્યવસાયો, ખાસ કરીને MSME ને નિકાસ તકો, દસ્તાવેજીકરણ અને બજાર પ્રવેશ અંગે માર્ગદર્શન આપવા માટે જિલ્લાઓમાં પ્રશિક્ષિત નોડલ અધિકારીઓની નિમણૂક કરાશે. તેમણે ઉમેર્યું કે 38 વિકસિત દેશો સાથે મુક્ત વેપાર કરારોએ ભારતીય નિકાસ માટે નવી તકો ખોલી છે જે ભારતની નિકાસને વેગ આપવામાં મદદ કરશે.

# RAJIV RANJAN-PANCHAYATI RAJ WORKSHOP

પંચાયતી રાજ મંત્રાલયે આજે નવી દિલ્હીમાં રાજ્ય પંચાયતી રાજ મંત્રીઓની રાષ્ટ્રીય કાર્યશાળાનું આયોજન કર્યું, જેથી 16મા નાણા પંચની ભલામણો પર ચર્ચા કરી શકાય. મંત્રાલયે માહિતી આપી હતી કે 16મા નાણા પંચ હેઠળ ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓ માટે ચાર લાખ 35 હજાર 236 કરોડ રૂપિયાની ભલામણ કરવામાં આવી છે, જે 15મા નાણા પંચ હેઠળ પાંચ વર્ષની ફાળવણી કરતાં લગભગ 84 ટકાનો વધારો દર્શાવે છે. કેન્દ્રીય પંચાયતી રાજ મંત્રી રાજીવ રંજન સિંહે મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે 16મા નાણાપંચે પંચાયતો માટે 80 ટકા મૂળભૂત અનુદાન અને 20 ટકા કામગીરી આધારિત અનુદાનનો પ્રસ્તાવ મૂક્યો છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# DAC - DEFENCE FORCES

સંરક્ષણ સંપાદન પરિષદે સંરક્ષણ દળોની યુદ્ધ સજ્જતા વધારવા માટે 52 હજાર કરોડ રૂપિયાના મૂડી સંપાદન પ્રસ્તાવોને મંજૂરી આપી છે. ભારતીય સેના માટે માનવરહિત હવાઈ વાહનો - ઇલેક્ટ્રોનિક યુદ્ધ સિસ્ટમ આકાશ તારંગ, મેન પોર્ટેબલ એન્ટિ-ટેન્ક ગાઇડેડ મિસાઇલ સિસ્ટમ્સ, મધ્યમ રેન્જ સપાટીથી હવા મિસાઇલ શસ્ત્ર પ્રણાલી, ખૂબ જ ટૂંકી રેન્જની હવાઈ સંરક્ષણ પ્રણાલી, ટેન્કો માટે સક્રિય સુરક્ષા પ્રણાલી અને જેટ આધારિત કામિકાઝ ડ્રોન સિસ્ટમની ખરીદી માટે આ પ્રસ્તાવોને મંજૂર કરાયા છે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, ઇલેક્ટ્રોનિક યુદ્ધ પ્રણાલી આકાશ તારંગ સૈન્ય રચનાઓને અસરકારક સુરક્ષા પૂરી પાડશે.

# GOVT-APP REMOVE

કેન્દ્ર સરકારે ગૂગલ પ્લે સ્ટોર અને એપલ એપ સ્ટોર પરથી BAT-BMS, Epoch-i-ion અને Losigy એપ્સ દૂર કરવાનો આદેશ આપ્યો છે. એપ્લિકેશનોનો ઉપયોગ ઈ-રિક્ષા સહિતના ઈ-વાહનોને દૂરસ્થ રીતે અક્ષમ કરવાના આરોપો બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે. ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું હતું કે, એપ સ્ટોર્સને દૂર કરવાનો આદેશ અપાયો છે. તેમાં કહેવાયું છે કે, સુરક્ષા ચિંતાઓ અને દુરુપયોગની શક્યતાને કારણે આ નિર્ણય લેવાયો છે.

# MIB – BARC

માહિતી અને પ્રસારણ મંત્રાલયે બ્રોડકાસ્ટ ઓડિયન્સ રિસર્ચ કાઉન્સિલ - BARC ને ટેલિવિઝન રેટિંગ નીતિ, 2026 હેઠળ તેનું લાયસન્સ રિન્યૂ ન થાય ત્યાં સુધી સમાચાર અને બિન-સમાચાર શૈલીઓ બંનેમાં ટેલિવિઝન રેટિંગ પ્રકાશિત કરવાનું બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે. જ્યાં સુધી રેટિંગ સંસ્થા લાયસન્સ રિન્યૂ કરાવે નહીં અને મંત્રાલય દ્વારા રજૂ કરાયેલા નવા નિયમનકારી માળખાનું સંપૂર્ણપણે પાલન કરતું હોવાનું પ્રમાણિત ન થાય ત્યાં સુધી આ નિર્દેશ BARCની રેટિંગ કામગીરીને રદ કરે છે.

# AMARNATH YATRA WITH V/C

આજે સવારે સત્તાવાર રીતે શરૂ થયેલી વાર્ષિક શ્રી અમરનાથ યાત્રા નુનવાન-પહલગામ અને બાલતાલ એમ બંને રૂટ પરથી સરળતાથી આગળ વધી રહી છે. બેઝ કેમ્પથી નીકળેલા હજારો યાત્રાળુઓ "બમ બમ ભોલે" અને "હર હર મહાદેવ"ના નાદ વચ્ચે મુશ્કેલ માર્ગો પર ટ્રેકિંગ કરી રહ્યા છે. સાંભળીએ એક અહેવાલ..

## (VC FINAL-ISHFAQ-AMARNATH)

# JITENDRA SINGH-DAKSH

કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે જણાવ્યું કે ભારતના સમગ્ર શાસનના અભિગમ હેઠળ વિવિધ વ્યક્તિગત અને સંસ્થાકીય ક્ષમતાઓના સંકલનની જરૂરિયાત છે. જ્યાં સંસ્થાઓ અને વ્યાવસાયિકો સામાન્ય રાષ્ટ્રીય લક્ષ્યો માટે તેમની સંબંધિત શક્તિઓ અને કુશળતાનું યોગદાન આપે છે. મંત્રીએ નવી દિલ્હીમાં ડેવલપમેન્ટ ઓફ એસ્પિરેશન, નોલેજ, સક્સેસન એન્ડ હારમની-DAKSHના ત્રીજા તબક્કાના ઉદ્ઘાટન પ્રસંગે આ વાત કહી.

DAKSH એ કેન્દ્રીય જાહેર ક્ષેત્રના સાહસોના વરિષ્ઠ અધિકારીઓ માટે એક વર્ષનો નેતૃત્વ વિકાસ કાર્યક્રમ છે.

# EVE FIFA WORLD CUP

ફૂટબોલના ફિફા વિશ્વ કપમાં, યુએસના આર્લિંગ્ટન ખાતે રાઉન્ડ ઓફ 32 મેચમાં આજે રાત્રે ઓસ્ટ્રેલિયા અને ઇજિપ્ત મુકાબલો રમાશે. જ્યારે આર્જેન્ટિના મિયામી ગાર્ડન્સ ખાતે કાબો વર્ડે સામે ટકરાશે. આવતીકાલે સવારે કેન્સાસ સિટી સ્ટેડિયમ ખાતે કોલંબિયા અને ઘાના વચ્ચે મેચ રમાશે. અગાઉ આજે સવારે કેનેડાના વાનકુવરમાં રાઉન્ડ ઓફ 32 માં સ્વિટ્ઝર્લૅન્ડે અલ્જેરિયાને 2-0 થી હરાવ્યું.